RIGHT TO INFORMATION

सूरत महानगर पालिका

बहुजनहिताय बहुजनसुखाय

अपील अरजी नं.६33 ता.१७–२–१२,
फोन नं. ०२६१ २४२3७५१/५१८

અરજદાર: – શ્રી કેતન જાગીરદાર
સામાવાળા:– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકત:–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતન જાગીરદારની તા. ૧૭–૧–૧૨ની અરજીથી મિલ્કત નં. ૦૧૨૧–એ–૧ પૈકી ગોડાઉન નં. ૩ અને ૪ ટેનામેન્ટ નં. ૦૬એ–૦૧–૦૭૩૧–૦–૦૦૧ –આઈ વૈરાગીની વાડી, દિલ્હી ગેટ, સુરત ખાતે આવેલ મિલ્કતમાં હાલમાં ધંધો કોણ કરે છે અને કયા દસ્તાવેજના આધારે નોંધણી કરવામાં આવી છે તેની નકલ મેળવવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૩ /૨૦૧૧–૧૨

શ્રી કેતન જાગીરદારની તા. ૧૭–૧–૧૨ની અરજીથી મિલ્કત નં. ૦૧૨૧–એ–૧ પૈકી ગોડાઉન નં. ૩ અને ૪ ટેનામેન્ટ નં. ૦૬એ–૦૧–૦૭૩૧–૦–૦૦૧–આઈ વૈરાગીની વાડી, દિલ્હી ગેટ, સુરત ખાતે આવેલ મિલ્કતમાં હાલમાં ધંધો કોણ કરે છે અને કયા દસ્તાવેજના આધારે નોંધણી કરવામાં આવી છે તેની નકલ મેળવવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે. ઝોન / એસ.એન્ડ.ઈ/ આઉટ નં./૪૦૨ તા. ૬–૨–૧૨ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે** ગુમાસ્તા, આકારણી દફતરે કે શહેર વિકાસ વિભાગના દફતરે હેતુ, આકારણી વિગેરેની દફતરી નોંધ સહ વિગતો સ્પષ્ટ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૮૯ તા. ૨–૩–૧૨ થી ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદમાં નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૪૫૪ તા.૨૦–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૬૮ તા. ૨૦–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/એસ.એન્ડ.ઈ/આ.નં.૪૦૨ તા. ૬–૨–૧૨ ના પત્રની નકલ, તથા નિર્દિષ્ટ મિલ્કતના આકારણી પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૧૪–૩–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૭–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૧૬૮ તા. ૨૦–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી તા. ૧૭–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ એસ.એન્ડ.ઈ/આ.નં. ૪૦૨ તા. ૬–૨–૧૨ થી સેન્ટ્રલઝોનની કચેરીના ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તેમના તા. ૧૪–૩–૧૨ ના પત્રથી આ જવાબ અપીલમાં રજૂ થનાર મુદ્દાઓ, કારણો તેમજ અન્ય હુકમોને બાધ આવે નહી તે રીતે આપવામાં આવેલ છે. વધુમાં સુમપાના લાગતા વળગતા ખાતા તરફથી આપવામાં આવેલ જવાબ ખોટો છે તેમજ સાચી હકીકતનું ધ્યાન દોરવા છતાં સાચી અને યોગ્ય

માહિતી ઉપલબ્ધ કરવામાં આવી નથી. અરજદારે અપીલમાં રજૂઆત પણ કરેલ છે કે નિર્દિષ્ટ સ્થળે દૈનિક ધોરણે વાણિજયીક પ્રવૃતિ થાય છે તેવી રજૂઆત કરેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીને અત્રેથી **માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે** ગુમાસ્તા, આકારણી દફતરે કે શહેર વિકાસ વિભાગના દફતરે હેતુ, આકારણી વિગેરેની દફતરી નોંધ સહ વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં અને ૨૦૦૮–૦૯ મા સદર મિલ્કતની ગોડાઉન તરીકેની આકારણીની વિગતોના પત્રકની નકલ મોકલેલ છે. જેમાં ઈમ્લે. ટ્રસ્ટી ઓફ બાલ મુંદ્રરાઈ પ્રાણજીવનદાસ કબ્જે. સેલ્ફની વિગત નોંધવામાં આવેલ છે. અરજદારે મુળ માહિતીની માંગણીથી નિર્દિષ્ટ સ્થળે " હાલમાં ધંધો કોણ કરે છે અને કયા દસ્તાવેજના આધારે નોંધણી કરવામાં આવી." તેની વિગતો માંગેલ છે જાહેર માહિતી અધિકારી ધ્વારા ગુમાસ્તાધારા હેઠળ નોંધણીના સંદર્ભે પ્રત્યુત્તર આપેલ જણાય છે પરંતુ દફતરી રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી એવો પ્રત્યુત્તર સુસંગત જણાતો નથી. કારણકે જયારે મહાનગરપાલિકાના દફતરે ગોડાઉન તરીકે વિગતો નોંધાયેલ હોય એ સંજોગોમાં ગુમાસ્તા નોંધણીના દફતરે નિર્દિષ્ટ ટેનામેન્ટ ધરાવતી મિલ્કતમાં નોંધણી થયેલ હોય શકે કે ન હોય બેમાંથી સ્પષ્ટ માહિતી હોવાનું અનુમાનિત થાય.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૨–૧૨ ધ્યાને લેતાં ૧૭–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા " માહિતી ઉપલબ્ધ નથી" એવો આપેલ સંદિગ્ધ પ્રત્યુત્તર યોગ્ય ન હોય ગુમાસ્તા નોંધણીના દફતરે પુનઃ ચકાસણી કરી સ્પષ્ટ દફતરી માહિતી દિન–૭ માં વિના મૂલ્યે પૂરી પાડવા વિકલ્પે માહિતી ઉપલબ્ધ નહીં હોવા બાબતે દફતરના નાશ કે નિકાલ કરેલ તે વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને ત. જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કેતન જાગીરદાર,